# નગરને સાંસ્કૃતિક ઓળખ આપવામાં કલ્ચરલ ફોરમનો સિંહફાળો

**માતાજીની ભકિત વંદના સાથે કલ્ચરલ ફોરમના ગરબા શ્રેષ્ઠ : ગાંધીનગરને સાંસ્કૃતિક નગરી તરીકે વિકસિત કરવામાં કલ્ચરલ ફોરમનો સિંહફાળો : સંસ્થા અને ખેલૈયાઓને અભિનંદન : મુખ્યમંત્રી : છઠ્ઠા નોરતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અંજલીબેન રૂપાણી સાથે કલ્ચરલ ફોરમમાં ગરબા નિહાળ્યા**





ગાંધીનગર તા ૫

કલ્ચરલ ફોરમના ગરબા શ્રેષ્ઠ હોય છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રિ મહોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. કલ્ચરલ ફોરમના ગરબા મહોત્સવના આયોજનમાં માતાજીની ભકિત આરાધના અને દિવ્ય આરતી સાથે યુવાનોમાં પણ અનોખો જોમ જુસ્સો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરને સાંસ્કૃતિક નગરી તરીકે વિકસિત કરવા કલ્ચરલ ફોરમનો સિંહફાળો છે. સે-૧૧ સ્થિત કલ્ચરલ ફોરમના નવરાત મહોત્સવમાં છઠ્ઠા નોરતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ માતાજીના દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી. કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ યુવાવર્ગને અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નિહાળી સંસ્થાના આયોજનને બિરદાવ્યુ હતુ. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ સહીત તમામ ટીમને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગરબા મહોત્સવના આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં રોજબરોજ હજારો ખૈલેયાઓ ગરબે ઘુમી માંઈભકિતના આ મનભાવન પર્વની ઉજવણી કરે છે. કલ્ચરલ ફોરમમાં સ્થાપિત અંબાજીની દિવ્ય જયોતના દર્શન કરીને પણ સૌ કોઈ ધન્યતા અનુભવે છે. નવરાત મહોત્સવના હવે માંડ છેલ્લા ત્રણ દિવસ જ બાકી હોવાથી ખૈલેયાઓ પણ એક મિનિટ સમય બગાડયા વિના મનભરીને ગરબે ઘુમી લેવાના મુડમાં છે. છઠ્ઠા નોરતે કલ્ચરલ ફોરમમાં ખૈલેયાઓએ ગરબાની રમઝટ જમાવી હતી. શુક્રવારે રાત્રિના મુખ્યમંત્રી વિજય રૂપાણી ,અંજલીબેન રૂપાણીએ કલ્ચરલ ફોરમમાં માતાજીની દિવ્ય જયોતના દર્શનનો લાભ લીધો હતો આ દરમિયાન ગરબા મહોત્સવની પણ મજા માંણી હતી. ગરબા મેદાનમાં અવનવા ટ્રેડિશ્નલ વસ્ત્રો પરિધાન કરી ગરબે ઘુમતા ખૈલેયાઓને નિહાળી મુખ્યમંત્રીએ કલ્ચરલ ફોરમના ચાંચર ચોકમાં માંઈભકિતના આયોજનને બિરદાવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે કલ્ચરલ ફોરમ દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવે છે. જયારે માતાજીની ભકિત આરાધના સાથે યુવાનોમાં પણ અનોખો થનગનાટ જોવા મળે છે.નગરને સાંસ્કૃતિક નગરીની આગવી ઓળખ આપવામાં કલ્ચરલ ફોરમનો સિંહફાળો છે. સંસ્થાના આ ઉત્કૃષ્ટ આયોજન બદલ તેમણે અ ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ તબક્કે મેયર રીટાબેન પટેલે પણ ગરબાની રમઝટ માંણી હતી.

# આજે કલ્ચરલ ફોરમના આંગણામાં મહાઆરતી

**૩૦ હજાર જેટલા દીવડાના ઝગમગાટથી અલૌકિક વાતાવરણનું નિર્માણ થશે : યુટ્યુબ, રાષ્ટ્રીય ટીવી ચેનલો અને ત્રણ વેબસાઈટ પરથી મહાઆરતીનું જીવંત પ્રસારણ કરાશે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવ દરમિયાન આસો સુદ આઠમે યોજાતી મહા આરતી તા. ૬-ઓક્ટોબરને રવિવારે રાત્રે ૧૧.૧૫ કલાકે યોજાશે. આ વર્ષે અંદાજે ૩૦ હજાર જેટલા લોકો હાથમાં દીવડા લઈને મા આદ્યશક્તિની મહાઆરતી ઉતારશે. વિશાળ મેદાનમાં એકી સાથે ૩૦ હજાર જેટલા દીવડાના ઝગમગાટથી અલૌકિક વાતાવરણનું નિર્માણ થાય છે. અદ્‌ભૂત મહાઆરતીમાં સહભાગી થવાનો લ્હાવો લેવા માનવ મહેરામણ ઉમટે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ મહાઆરતી વિષે જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમની ૨૫ વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે પણ અભૂતપૂર્વ મહાઆરતીનું આયોજન કરાયું છે. ગાંધીનગર અને બહારગામથી આવતા હજારો ગરબાપ્રેમીઓમાં આઠમની મહાઆરતીનું વિશેષ આકર્ષણ છે. આ વર્ષે તા. ૬ ઓક્ટોબરને બુધવારે યોજાનારી મહાઆરતીમાં લગભગ ૩૦ હજાર જેટલા લોકો ભાગ લેશે એવો અંદાજ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનનું ૨૫ મુ વર્ષ પ્રશન્નતા વર્ષ તરીકે ઉજવી રહયું છે ત્યારે પ્રશન્નતા એ ગાંધીનગરનો સ્થાયી ભાવ બને એવી ભાવના અને મનોકામના સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે નવરાત્રી મહોત્સવનું આયોજન કર્યું છે. આ આયોજનને ગાંધીનગરના અને આસપાસના લાખ્ખો લોકો તરફથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. www.gcfgandhinagar.com, www.gandhinagarprotal.com અને www.gandhinagarsamachar.com આ ત્રણ વેબસાઈટ પરથી ગાંધીનગર કલ્ચરલની મહાઆરતીનું લાઈવ વેબકાસ્ટીંગ કરાશે. દેશ-વિદેશમાં રહેતા ગરબાપ્રેમીઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહાઆરતીના દર્શન કરી શકે એવું આયોજન કરાયું છે.

# જિલ્લામાં ૭મીથી ગ્રામસભા અભિયાન

ગાંધીનગર, તા. ૫

૭મી ઓક્ટો.થી જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો આરંભ થશે જે ૩૧ ડિસે. સુધી ચાલશે.

આ ગ્રામસભા અભિયાન માટે જિલ્લાના અધિકારીઓને ખાસ નિયુક્ત કરવામાં આવ્યા છે તેમજ તેઓ આ ગ્રામસભામાં જશે અને સભાનું રિપોર્ટીંગ કરશે એટલુ જ નહિ તે ગ્રામસભાના ફોટા પણ અપલોડ કરશે.

ગ્રામસભામાં આમ તો નિયમિત એજન્ડા ઉપરાંત હક્કપત્રક અને મિલ્કત રજીસ્ટરમાં થયેલા ફેરફારોની જાણકારી આપવા ઉપરાંત મનરેગાનુ લેબર બજેટ પણ તૈયાર કરવાનું રહેશે.

આ ગ્રામસભામાં પહેલીવાર ગામના માનવ સૂચકાંકને લઈ ચર્ચાઓ થશે. જેમાં ૧૦ જેટલા મુદ્દા સમાવવામાં આવ્યા છે. શૌચાલય, કચરાનું વ્યવસ્થાપન, કચરાનું કલેક્શન, ગ્રામસફાઈ, ઉકરડાનું વ્યવસ્થાપન, પ્રાથમિક શિક્ષણ, સાર્વત્રિક શિક્ષણ, આરોગ્ય, કુપોષણ સહિતના મુદ્દાઓને આવરી લઈ માનવ વિકાસ સૂચકાંકની ચર્ચાઓ થશે. મળતી વિગતો પ્રમાણે ગ્રામસભા અભિયાનમાં સ્વચ્છતા અભિયાનને માનવ વિકાસ સૂચકાંક સાથે સાંકળી લેવાતા આ અભિયાનને નવી દિશા અને વેગ મળશે તેમ પણ પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે. આ ગ્રામસભા અભિયાનમાં ૨૦૨૦-૨૧નો સર્વગ્રાહી પંચાયત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરી અને તને બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત પંચાયતની વેરા વસુલાતની કામગીરી, પંચાયતના કર્મચારીઓની હાજરી અને કામગીરીનું પુર્નવિલોકન પણ કરવામાં આવશે.

આ વખતે અભિયાનને વધુ લોકાભિમુખ બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત આ સભામાં ગામમાં સરકારની વિવિધ કલ્યાણ યોજનાના લાભાર્થીઓની યાદી પણ તૈયાર કરી અને મંજૂર કરાશે.

# સેવાસેતુ કાર્યક્રમાં ડિઝીટલ પેમેન્ટ, લોકર અને ભીમ એપનો પ્રસાર કરવા આદેશ

**૧૦મીથી રાજ્યભરમાં સેવાસેતુનો પાંચમો તબક્કો શરૂ થશે**

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકાર દ્વારા ૧૦મીથી શરૂ થઈ રહેલા સેવાસેતુ અભિયાનમાં ડીઝીટલ લોકર, ભીમ એપ તેમજ ડીઝીટલ પેમેન્ટ માટેનું જાગૃતિ અભિયાન પણ જોડવાનુ રહેશે એટલુ જ નહિ તે મુલાકાતીઓના ફોનમાં અપલોડ વધુમાં વધુ થાય તેવા પ્રયાસ પણ કરવાના રહેશે.

રાજ્ય સરકાર દ્વારા આ અંગે કરાયેલા પરિપત્રમાં એવુ સ્પષ્ટ જણાવાયુ છે કે જનધન યોજનાની જાણકારી આપવી તેમજ જે લોકો બાકી રહી ગયા હોય તેમના ખાતા ખોલાવવા માટે વધુને વધુ બેન્કર્સને આ સેવાસેતુમાં સ્ટોલ્સ ફાળવવા અને ભાગીદાર બનાવવા પર ધ્યાન આપવું.

પહેલીવાર સેવાસેતુમાં ડિઝીટલ પેમેન્ટ અંગેની જાગૃતિની વાત જોડવાનો પ્રયાસ એ સરકારની આડકતરી મંદીની પરિસ્થિતિનો એકરાર દર્શાવતુ હોવાનું જાણકારો કહી રહ્યા છે.

નોટબંધી પછી આ અંગે સારી એવી જાગૃતિ આવી હતી પરંતુ પુનઃ આ વાત અટકી પડી હતી હવે સરકારે જ આ દિશામાં સક્રિયતા દાખવી છે.

પ્રધાનમંત્રીએ જે ત્રણ પેન્શન યોજનાઓ જાહેર કરી હતી તેમાં અટલ પેન્શન યોજનાનો નબળો પ્રતિસાદ રહ્યો હોવાથી સરકારે બેંકોને આ કાર્યક્રમમાં સક્રિય ભાગીદાર બનાવવા ઉપરાંત જનધન ખાતા સાથે પણ લોકોને જોડવાનુ અભિયાન ચાલુ રાખવા પર ભાર મુક્યો છે.

સેવાસેતુમાં સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓની જાણકારી લોકો સુધી પહોંચે તેના પર ભાર મુક્યો છે. આ ઉપરાંત ૫૦ થી વધુ વ્યક્તીગત સેવાઓનો સીધો લાભ આપવામાં આવે છે તેની જાણકારી લોકો સુધી પહોંચે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

# પલ્લી રથ પર ૪ લાખ કીલો ઘીનો અભિષેક થશે

**રૂપાલના પલ્લી મેળામાં ૧૦ લાખ જેટલા ભાવિકો દર્શનનો લાભ લેશે : માતાજીનો દિવ્ય પલ્લી રથ પર ગામના ૨૭ ચકલા પર ભાવિકો અભિષેક કરશે : પલ્લી મેળાને અનુલક્ષી જરૂરી બસ સેવા ,પાર્કીંગ વ્યવસ્થા સહીત પોલીસનો ચાંપતો બન્દોબસ્ત ગોઠવી દેવાયો : વરદાયિની માતાના મંદિરના જિર્ણોધ્ધારનુ કામ પ્રગતિ હેઠળ**

ગાંધીનગર તા ૫

રૂપાલના પલ્લીમેળાના આયોજનને અનુલક્ષી તંત્રએ સંપુર્ણ તૈયારી કરી લીધી છે. રથ પર ૪ લાખ કીલોથી વધુ ઘીનો અભિષેક થશે.ગામના વિવિધ ૨૭ ચકલાઓમાં માતાજીના પલ્લી રથ પર ઘીનો અભિષેક કરવામાં



આગામી તા ૭ ઓકટોબરના રોજ યોજનારા પલ્લી મેળામાં આ વર્ષે અંદાજિત ૧૦ લાખ જેટલા ભાવિકો ઉમટે તેવી શક્યતા છે. ભાવિકોની સલામતીને ધ્યાને લઈ પુરતી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. રૂપાલના પલ્લી મેળામાં પલ્લી આવશે. પલ્લી મેળાને અનુલક્ષી ચાંપતા બન્દોબસ્ત પણ પોલીસતંત્રના અધિકારીઓ અને જવાનો તૈનાત રહેશે.

ભાવિકોની શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમા રૂપાલ વરાદાયિની માતા મંદિરમાં દર વર્ષે નવરાતના નોમની રાત્રિએ ભવ્ય પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવે છે. આસ્થાની સાથે કોમી એકતાના પ્રતિક સમા રૂપાલનો આ પલ્લી મેળો આ વર્ષે આગામી તા ૭ ઓકટોબરના રોજ યોજવામાં આવશે. નોમની રાત્રે રૂપાલ ગામમાં પલ્લી નિકળશે જયારે આ પલ્લી મેળાને અનુલક્ષી લાંબા સમય પુર્વે જ તડામારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે. આ મંદિરનો વહીવટ સરકાર હસ્તક છે. જયારે રૂપાલની પલ્લીમાં ભાવિકોનુ માનવ મહેરામણ ઉમટે છે. પલ્લી મેળામાં અંદાજિત ૧૦ લાખ જેટલા ભાવિકો આવે છે. જિલ્લા કલેકટરે આ મહત્વની બાબતને ધ્યાને લઈને અગાઉથી જ વિવિધ વિભાગોના અને મંદિરના ટ્રસ્ટી મંડળ સાથે બેઠકો શરૂ કરી દીધી છે. આ ગામમાં પલ્લીના સપ્તાહ

● અનુસંધાન પાન-૭ પર

# પીયુસીની મુદતમાં વધારો થતાં વાહનચાલકોને હાશકારો

ગાંધીનગર તા ૫

પીયુસી હાઈસિકયુરીટી નંબર પ્લેટ તેમજ હેલમેટના મામલે સરકારે મુદત વધારવાની જાહેરાત કરતા નગરજનોમાં હાંશકરો પ્રવર્તયો છે. સરકારે આગામી તા ૩૧ ઓકટોબર સુધી મુદત લંબાવી છે જેના લીધે રોજબરાજે કતારમાં ઉભા રહેતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

સમગ્ર રાજયમાં આગામી તા ૧૫ ઓકટોબરથી ટ્રાફિકના નવા કાયદાનો અમલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ટ્રાફિકના નિયમન માટે હજુ વાહનચાલકો હેલમેટ શોધતા અને પીયુસી સેન્ટર પર કતારમાં ઉભેલા જોવા મળી રહ્યા છે. હાઈસિક્યુરીટી નંબર પ્લેટ માટે પણ આર ટી ઓ કચેરીએ અરજદારો ધક્કે ચઢે છે. રાજયના પાટનગરમાં પણ આ સ્થિતિ છે. રોજ સવાર થતા જ પીયુસી સેન્ટરો પર વાહનો કતારમાં ગોઠવાયેલા નજરે પડે છે. ત્યારે વાહનચાલકો માટે રાહતના સમાચાર આવ્યા છે. સરકારે પીયુસી તેમજ એચ એસ આર પી અને હેલ્મેટની મુદતમાં વધારી દીધી છે. આગામી તા ૩૧ ઓકટોબર સુધી પી યુસી તેમજ હેલમેટ અને એચ એસ આર પીના કાયદાના અમલ માટે મુદત લંબાવી દેવાઈ છે. ગાંધીનગરમાં પણ વાહનોની સંખ્યા વધુ છે. માર્ગો પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ પણ ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં આર ટી ઓ કચેરી તેમજ પીયુસી સેન્ટર પર વાહનચાલકોની સવારથી જ ભીડ રહે છે. લાયસન્સ તેમજ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરાવવા માટે પણ અરજદારો પોતાનુ કામ જલ્દીથી પતે તે માટે પ્રયાસરૂપ છે. પરંતુ ટુંકા સમય ગાળામાં તંત્ર માટે પણ આ કામગીરી પુર્ણ કરવાનુ ચેલેન્જરૂપ બનતુ જાય છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી પાસે પણ વાહનોનો વિશેષ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. જયારે શહેરમાં વાહનોની સામે પીયુસી સેન્ટરોની સંખ્યા પણ ઓછી છે. ત્યારે પીયુસી સેન્ટર પર વાહનોની કતાર દિનપ્રતિદિન વધી રહી છે. ટ્રાફિકના નવા નિયમનના અમલ માટે સરકારે મુદત લંબાવી દેતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

વણકર સમાજ
સમગ્ર ગુજરાતના વણકર સમાજના દરેક ગોળ/પરગણાના માટે
જીવનસાથી પસંદગી સંમેલન -૨૦૧૯
(ડોકટર,એન્જીનીયર તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે જ ખાસ)
તા. ૦૬/૧૦/૨૦૧૯, બપોરે ૧.૦૦ કલાકે
આંબેડકર ભવન,સેકટર-૧૨,ગાંધીનગર.
વધુ માહીતી માટે સંપર્ક કરો :
મિતેષ ચાવડા -9898023600,ભરત ડાભી - 9967917805

હાર્દિક અભિનંદન





વાઘેલા કુલદિપસિંહ
પ્રમુખ
સમર્પણ કોલેજ કેમ્પસ





રાણા વિશાલસિંહ
ઉપપ્રમુખ
સમર્પણ કોલેજ કેમ્પસ
આપશ્રીની ગાંધીનગર સમર્પણ કોલેજ કેમ્પસમાં પ્રમુખ તથા ઉપપ્રમુખ પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી શુભેચ્છા....
લિ.
રાણા રણજીતસિંહ (બકાભાઈ) · ચૌધરી રમેશભાઈ
રાણા સુરેન્દ્રસિંહ · રાણા દિગ્વિજયસિંહ
રાણા વિરાટસિંહ · રાણા યશપાલસિંહ
રાણા વિરપાલસિંહ
(સમસ્ત રાણા પરિવાર - ધણપ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com